# પોલીસ સ્ટેશન પાસે જ ચોરો 'બેખોફ'!

**પીપોદરામાં** સાત દુકાનોનાં તાળાં તોડી ચોરી બાદ હવે પાલોદ પોલીસ મથકની પાછળ ચોરી


ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ પીપોદરા અને પાલોદ વિસ્તારમાં તસ્કરો બિનધાસ્ત ચોરીને અંજામ આપી રહ્યા છે. પીપોદરાની રાધે સિલ્વર ઈન્ડસ્ટ્રિઝમાં એકસાથે સાત દુકાનનાં તાળાં તોડી રોકડ અને સિગારેટના પેકેટ્સની ચોરી બાદ તસ્કરો પકડાયા ન હતા, ત્યાં ફરી ચોરોએ પોલીસને પડકાર ફેંક્યો છે. પાલોદ પોલીસ મથકની પાછળ જ આવેલા જે.બી. રો-હાઉસમાં એક ટ્રાન્સપોર્ટરના બંધ મકાનમાંથી કબાટમાં મૂકેલાં સોના-ચાંદીનાં ઘરેણાં, 2 લાખ રોકડા અને બાળકોના ગલ્લાના 50,000 મળી કુલ 3.50 લાખની ચોરી થઈ છે. ઝીરો કિલોમીટરના અંતરે થયેલી આ ચોરીથી નાઈટ પેટ્રોલિંગ સામે સવાલો ઊભા થયા છે. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તસ્કરોને ઝબ્બે કરવા ચક્રો ગતિમાન કર્યાં છે.

## અંકલેશ્વર શહેરમાં પાર્ક કરેલી બાઈકની ચોરી


પ્રવીણ તેરૈયા

અંકલેશ્વરઃ અંકલેશ્વરના બ્રિજનગર સામે મહાવીર શોપિંગ સેન્ટરમાં ઓમ ફ્રિજ અને એસી રિપેરિંગની દુકાન આવેલી છે. દુકાન સંચાલક મોહનીશ ભાઈ સોલંકી ગત તા,23 ઓગસ્ટે બપોરના અરસામાં તેમની સ્પ્લેન્ડર બાઈક નં.( GJ 16 DF 1668) દુકાન પાસે પાર્ક કરી હતી. દરમિયાન બાઈક ચોર તેમની બાઈકની ચોરી કરી ફરાર થઇ ગયો હતો. મોહનીશ સોલંકીએ નજીકમાં આવેલ સીસીટીવી ચેક કરતા બાઈક ચોરીની ઘટના કેદ થઇ હતી. આ અંગે તેઓએ એ ડિવિઝન પોલીસને જાણ કરી છે.

## કડોદરામાં ધોળા દિવસે 3 ફ્લેટના તાળાં તૂટ્યાં

પલસાણાઃ કડોદરાના કાલિકા એપાર્ટમેન્ટના ત્રણ ફ્લેટ (૨૦૧, ૨૦૨ અને ૩૦૨)નાં તાળાં તૂટ્યાં હતાં. ફ્લેટ નં.૩૦૨માં રહેતા પવન સોનવણેના રૂમમાંથી રૂ.૧૨,૫૦૦ રોકડા, રવિંદ્ર પટેલના રૂમમાંથી રૂ. ૧૪,૦૦૦, જિતેન્દ્ર સાવલેના રૂમમાંથી સોના-ચાંદીના ઘરેણાં કિં. 1.50 લાખ મળી તસ્કરોએ કુલ રૂ.૧,૭૬,૫૦૦ની મતાની ચોરી કરી હતી. પવન સોનવણેની ફરિયાદ મુજબ કડોદરા પોલીસે ગુનો નોંધી પીએસઆઈ એ.એમ. પટેલે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરૂ કરી છે.

**આ કારણસર ચોરીની ઘટના વધી રહી છે** » બેરોજગારી અને આર્થિક તંગી : રોજગારની અછત, મોંઘવારી અને દેવાના કારણે કેટલાક લોકો ગુનાખોરી તરફ વળી શકે છે. » નશાની લત : દારૂ અથવા અન્ય નશાની લત ધરાવતા કેટલાક લોકો નશા માટે પૈસા મેળવવા ચોરી કરે છે. » ઝડપથી પૈસા કમાવવાની માનસિકતા : મહેનત કર્યા વગર સરળતાથી પૈસા મેળવવાની ઇચ્છા પણ ગુનાખોરીને પ્રોત્સાહન આપે છે. » નબળી સુરક્ષા વ્યવસ્થા : બંધ મકાન, CCTVનો અભાવ, અપૂરતી સ્ટ્રીટ લાઇટ અને સુરક્ષા અંગેની બેદરકારી ચોરો માટે તક ઊભી કરે છે. » પોલીસનો ભય ઓછો થવો : ગુનેગારો ઝડપાઈ ન શકે અથવા કાયદાકીય કાર્યવાહી લાંબી ચાલે તેવી માન્યતા હોય તો કેટલાક લોકો વધુ નિર્ભય બને છે. » મોંઘી વસ્તુઓની સરળ ઉપલબ્ધતા : મોબાઇલ, સોનું, વાહનો અને અન્ય કીમતી વસ્તુઓ સરળતાથી વેચી શકાય તેવી હોવાથી તે ચોરીનું નિશાન બને છે.

## ૭ વર્ષથી ફરાર આરોપી મધ્ય પ્રદેશથી ઝડપાયો

ભરૂચઃ ભરૂચ જિલ્લા પોલીસની પેરોલ ફર્લો સ્ક્વોડે ૭ વર્ષથી ફરાર ચાલી રહેલા આરોપીને મધ્યપ્રદેશથી ઝડપી પાડ્યો છે. પકડાયેલા આરોપીનું નામ રજજતઅલી અસરફઅલી અંસારી છે, જે ઉમલ્લા પોલીસ સ્ટેશનમાં વર્ષ-૨૦૨૦ હેઠળ IPC કલમ ૨૭૯, ૩૩૭ તેમજ MV એક્ટ કલમ ૧૭૭, ૧૮૪, ૧૮૭ અને ૧૩૪ મુજબના ગુનામાં સંકળાયેલો હતો. તે છેલ્લાં ૬ વર્ષથી નાસતો ફરતો હતો અને હાલમાં મધ્યપ્રદેશના હનુમાના જિલ્લાના ગેરહા દાદર ખાતે રહેતો હતો. પેરોલ ફર્લો સ્ક્વોડના પોલીસ સબ ઈન્સ્પેક્ટર આર.એસ. ચાવડાના નેતૃત્વમાં ટીમે તકનીકી સર્વેલન્સ અને બાતમીના આધારે મધ્યપ્રદેશમાં દરોડો પાડી આરોપીને ઝડપી લીધો હતો. આરોપીને ઉમલ્લા પોલીસ સ્ટેશનમાં સુપરત કરવામાં આવ્યો હતો.

# જંગલ જમીનઃ ખોપીમાં આજે 'હળ' અને 'કાયદા'ની લડાઈ!

**આજથી** અસરગ્રસ્ત ખેડૂતો દાવાવાળી જગ્યાએ હળ-દાતરડાં લઈ ખેતી શરૂ કરશે



ચિકદા,ભરૂચ,સાગબારાઃ સાગબારાના ખોપી ગામે જંગલ જમીન ખેડાણના મુદ્દે ધરણાને આજે 19 દિવસ પૂરા થયા છે. છતાં વિવાદનો કોઈ ઉકેલ આવતો નથી. રાજકીય આગેવાનો અસરગ્રસ્ત ખેડૂતોને સમર્થન આપવા પહોંચતા હોવાથી હવે લડત વેગ પકડવાના સંકેત મળી રહ્યા છે.

પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી સંદીપ માંગરોલા બુધવારે ખોપી ગામે પહોંચ્યા અને ધરણા પર લાંબો સમય બેસી રહ્યા હતા. તેમણે કહ્યું, આ ખેડૂતોની પીડા સાચી છે. તમામ રાજકીય પાર્ટીઓ આ મુદ્દે એકજૂટ છે, પણ તંત્ર ઈચ્છાશક્તિનો અભાવ દાખવી રહ્યું છે. તેમણે ભરૂચના સાંસદ મનસુખભાઈ વસાવાના સમર્થનની પ્રશંસા કરતાં કહ્યું કે, ઉચ્ચસ્તરે રજૂઆત થઈ છતાં આદિવાસીઓ સાથે 'રમત' રમાઈ રહી છે. માંગરોલાએ જણાવ્યું કે, FRA-2006 હેઠળના પેન્ડિંગ દાવાનો અંતિમ નિકાલ ન થાય ત્યાં સુધી ખેડૂતોને ખેડાણ કરતા અટકાવવા ન જોઈએ. જો ધરપકડ કે ગુનો દાખલ કરવો હોય તો પહેલા અમારી છાતી પર ગોળી મારવી પડશે. 19 દિવસથી ઉપવાસ કરી રહેલાં લીલાબેન વસાવાએ આક્રોશ વ્યક્ત કરતાં કહ્યું, ગુરુવારથી અસરગ્રસ્ત ખેડૂતો દાવાવાળી જગ્યાએ હળ-દાતરડાં લઈ ખેતી શરૂ કરશે.

## પીપલોદમાં વીજ કરંટ લાગતાં યુવકનું મોત

કુકરમુંડાઃ નિઝરના પીપલોદ ગામમાં પાણીની મોટરનો વાયર જોડતી વખતે કરંટ લાગતાં 38 વર્ષીય યુવકનું મોત થયું હતું. નિઝરના પીપલોદના વિશ્વનાથભાઈ કૃષ્ણભાઈ પાડવી (ઉ.વ.38) મંગળવારે સાંજે આશરે સાડા ચાર વાગ્યાના અરસામાં ગામના પટેલ ફળિયામાં આવેલી પાણીની સુવિધાની મોટરનો વાયર જોડવા માટે DGVCLના વીજ થાંભલા ઉપર ચઢ્યા હતા. દરમિયાન થાંભલા ઉપરના જીવંત વીજતારને વિશ્વનાથભાઈએ આકસ્મિક રીતે પકડી લેતા તેમને જોરદાર વીજ કરંટ લાગ્યો હતો. કરંટ લાગતાં તેઓ થાંભલા પરથી નીચે જમીન પર પટકાયા અને બેભાન થઈ ગયા હતા. આથી નિઝર સરકારી દવાખાને ખસેડ્યા હતા. જોકે, ફરજ પરના તબીબે તપાસ બાદ વિશ્વનાથભાઈને મૃત જાહેર કર્યા હતા.

## ૨૦૨૧ની જંબુસર ઘરફોડ ચોરીનો રહસ્યમય ભેદ ઉકેલાયો



ભરૂચઃ ભરૂચ જિલ્લા પોલીસે વર્ષ-૨૦૨૧માં જંબુસરમાં થયેલી એક જૂની ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી કાઢ્યો છે. ભરૂચ LCBની ટીમે વડોદરા શહેરથી રીઢો આરોપી નિહાલ રાજેન્દ્રકુમાર બારોટને ઝડપી પાડ્યો છે. તેની પાસેથી રોકડા ૫,૦૦૦ અને એક મોબાઈલ ફોન સહિત કુલ ૧૫,૦૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

LCB ભરૂચના ઈન્સ્પેક્ટર એમ.પી.વાળાની દેખરેખમાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર એ.વી. વિશયાળીયાની ટીમે આ કાર્યવાહી હાથ ધરી હતી. આરોપી નિહાલ બારોટ (ઉં.વ.૩૩) મૂળ વડોદરા શહેરનો રહેવાસી છે અને હાલ તે વાસણા ભયલી રોડ પર આવેલ એમ્પાયરિયલ હાઈટ્સ નજીક રહે છે. પૂછપરછ દરમિયાન આરોપીએ કબૂલાત કરી કે, તેણે ૨૦૨૧ના નવેમ્બર મહિનામાં પોતાની એક્ટિવા સ્કૂટર લઈ જંબુસર ખાતે આવીને વિવિધ સોસાયટીઓમાં રેકી કરી હતી. તેણે રેલવે ફૂલની પડોશમાં આવેલી પંચશીલ સોસાયટીના એક મકાનનું તાળું તોડી ઘરમાં પ્રવેશ કરીને કબાટમાંથી આશરે બે તોલાનો સોનાનો હાર અને સુટકેસમાંથી રોકડા ૫૦,૦૦૦ની ચોરી કરી હોવાનો ઘટસ્ફોટ કર્યો હતો. આ ઘટના બાદ તે વડોદરા ભાગી ગયો હતો. આરોપી ગુનાહિત ઈતિહાસ ધરાવે છે.

# ઉચ્છલમાં ભૂલાં પડેલાં માતા-પુત્રીનું પરિવાર સાથે સુખદ મિલન

**પોંડીચેરીનાં** ઇન્દ્રાબેન અને પુત્રી સરલા ભૂલાં પડી ગયાં હતાં, પોલીસની ઉત્તમ કામગીરી



વ્યારાઃ ઉચ્છલ પોલીસે ભૂલી પડેલી તામિલનાડુની માતા-દીકરીનું પરિવાર સાથે મિલન કરાવ્યું હતું.

પ્રાપ્ત માહિતી મુજબ ઉચ્છલ તાલુકામાં મિરકોટ ત્રણ રસ્તા પાસે બે અજાણી મહિલાઓ ભૂલી પડેલી હાલતમાં જોવા મળતાં કોઈ જાગૃત નાગરિકે 112 ઈમરજન્સી હેલ્પલાઇન પર કોલ કર્યો હતો. જેના આધારે ઉચ્છલ પોલીસે બંને મહિલાને પોલીસ સ્ટેશન લઈ આવી હતી. પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું કે, એક મહિલા ઇન્દ્રાબેન (ઉં.વ.57) અને તેમની પુત્રી સરલા (ઉં.વ.37) (રહે.,વેટરિનરી હોસ્પિટલ પાસે, શાંતિનગર, પોંડીચેરી, તામિલનાડુ)ના હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારે પોલીસે ઉચ્છલની રોયલ પાર્ક સોસાયટીમાં રહેતા અને મૂળ તમિલનાડુ ચેન્નાઈના વતની શસીકુમારની મદદ લઈ માતા-પુત્રી સાથે વાતચીત કરતાં તેઓ પોંડિચેરીના રહેવાસી હોવાનું સ્પષ્ટ થયું હતું. પોલીસે પોંડિચેરી પોલીસ કંટ્રોલ રૂમ તથા સ્થાનિક પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી તેમના રહેઠાણની ખરાઈ કરી મહિલાના પુત્રને સમગ્ર હકીકતથી વાકેફ કરી ઉચ્છલ પોલીસ સ્ટેશનમાં બોલાવી ભૂલી પડેલી માતા-દીકરીનું પુત્ર સાથે મિલન કરાવ્યું હતું.

## ગડખોલનાં સરપંચ મંજુલાબેન પટેલને ફરી પદ પરથી હટાવાયાં

**નાણાકીય** ગેરરીતિના આક્ષેપો બાદ ડીડીઓની કાર્યવાહી


સુરેશ ગાંધી

અંકલેશ્વરઃ ભરૂચ ડીડીઓ દ્વારા ગડખોલ ગ્રા.પં.નાં સરપંચ મંજુલાબેન પટેલને નાણાકીય ગેરરીતિના આક્ષેપોમાં ફરી હોદ્દા પરથી દૂર કરવાનો હુકમ કરતાં ગામમાં સળવળાટ મચ્યો છે.

આ પહેલાં પણ નાણાકીય અનિયમિતતાના કેસમાં મંજુલાબેન સામે કાર્યવાહી થઈ ચૂકી હતી, ત્યારે DDOએ તેમને પદ પરથી હટાવી ડેપ્યુટી સરપંચને વહીવટી ચાર્જ સોંપ્યો હતો. જોકે, સરપંચે આ નિર્ણય સામે હાઈકોર્ટમાં અપીલ કરી હતી. હવે DDOએ અગાઉના હુકમને યથાવત્ રાખી મંજુલાબેનને ફરી પદ પરથી દૂર કર્યા છે અને ડેપ્યુટી સરપંચને પંચાયતનો કાર્યભાર સોંપી દીધો છે. નોંધનીય છે કે, આ મામલે સરપંચ અને તલાટી-કમ-મંત્રી સામે રૂ.1.16 કરોડથી વધુની ઉચાપતની પોલીસ ફરિયાદ પણ થઈ ચૂકી છે.

ફરિયાદમાં ડિજિટલ સિગ્નેચર સર્ટિફિકેટના દુરુપયોગથી 44માંથી 43 કામનાં અનધિકૃત પેમેન્ટ કરવામાં આવ્યા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ નિર્ણય બાદ ગડખોલ ગ્રામ પંચાયતના વહીવટી તંત્રમાં નવો ખળભળાટ સર્જાયો છે,

## પોલીસ કાર્યવાહીથી બચવા કુંવારદાના નિર્દોષ યુવકે સુરત સેશન કોર્ટનાં દ્વાર ખખડાવ્યાં

હથોડાઃ કોસંબા પોલીસ મથકે થોડા સમય પહેલાં યુકે પાઈડર (મેડ ઈન ચાઈના)ની ચોરીની નોંધાયેલી એક ફરિયાદમાં એફઆઈઆરમાં નામ નહીં હોવા છતાં અને કોઈપણ દિવસે કોઈપણ ગુનામાં નહીં સંડોવણી નહી હોવા છતાં પોલીસે કુંવારદાના એક ચંદનકુમાર નામના યુવાનની ગુનાના કામે શોધખોળ શરૂ કરી હતી. પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવે તો વાંક ગુના વિના નિર્દોષ યુવાનને જેલમાં નહીં રહેવું પડે અને વર્ષોની જૂની સારી છાપને પોલીસ કલંક લગાડે એ પહેલાં પોલીસની ધરપકડ ટાળવા ચંદનકુમાર શંભુ રાજભરે સેશન કોર્ટ સુરતનાં દ્વાર ખખડાવતાં કોર્ટે કેટલીક શરતોને આધીન આગોતરા જામીન મંજૂર કર્યાં છે. કેસની ધારદાર રજૂઆત આઈ.એમ.સરદારે કરી હતી.

## અંકલેશ્વરમાં હાઉસિંગ પ્લોટ ફાળવણી પ્રક્રિયા ફરી શરૂ

**આશરે** ૧૭૪ હાઉસિંગ પ્લોટની ફાળવણી કરવામાં આવી

અંકલેશ્વરઃ અંકલેશ્વર ઈન્ડસ્ટ્રિઝ એસોસિએશન (AIA) દ્વારા ઉદ્યોગકારોના લાંબા સમયથી પડતર હાઉસિંગ પ્લોટ એલોટમેન્ટના પ્રશ્નના ઉકેલ માટે સતત રજૂઆતો અને પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. જેના પરિણામે તાજેતરમાં આશરે ૧૭૪ હાઉસિંગ પ્લોટની ફાળવણી કરવામાં આવી હોવાનુ એસોસિએશન દ્વારા જણાવાયું છે.

AIAના જીઆઈડીસી કમિટી ચેરમેન હસમુખભાઈ પટેલ અને વાઇસ ચેરમેન યોગેશ પટેલે જણાવ્યું હતું કે, આવનારા દિવસોમાં પણ હાઉસિંગ પ્લોટની ફાળવણીની પ્રક્રિયા અવિરત ચાલુ રહેશે તેવી ખાતરી GIDCના અધિકારીઓ દ્વારા આપવામાં આવી છે. જે અરજદારોને હજુ સુધી પ્લોટ મળ્યો નથી, તેમની અરજીઓની વિગતોની ચકાસણી કરાવી શક્ય તેટલી વધુ અરજીઓ ગ્રાહ્ય રાખવામાં આવે તે માટે AIA દ્વારા સતત રજૂઆતો કરવામાં આવી રહી છે. બાકી રહેલા પાત્ર અરજદારોને પણ પ્લોટ મળે તે માટે એસોસિએશન સંપૂર્ણ પ્રતિબદ્ધ હોવાનું જણાવાયું છે.

ઘણાં વર્ષોના પ્રયાસો બાદ પ્લોટ ફાળવણીની મહત્ત્વપૂર્ણ પ્રક્રિયા ફરી શરૂ થતાં ઉદ્યોગકારોમાં આશાનું વાતાવરણ સર્જાયું છે. આ અંગે એસોસિએશન દ્વારા ઉદ્યોગકારોને ખોટી કે બિનજરૂરી ચર્ચાઓથી દૂર રહી ધીરજ અને વિશ્વાસ સાથે એકજૂટ રહેવા અપીલ કરવામાં આવી છે.

# અંકલેશ્વરમાં માર્ગ ઉપર ખાડા પડતાં ગટરના ખાડામાં બેસી ચાલકોનો વિરોધ

**વેઠ** ઉતારવાના બદલે ગુણવત્તાસભર કામગીરી કરવા માંગ


સુરેશ ગાંધી, પ્રવીણ તેરૈયા

અંકલેશ્વરઃ અંકલેશ્વર ખાતે આવેલા ગડખોલ પાટિયાથી અંદાડાને જોડતા મુખ્ય માર્ગ પર પડેલા મોટા ખાડાઓ અને ગટરના ખોદકામથી માર્ગ અત્યંત બિસમાર બન્યો હતો. આ માર્ગ પરથી દરરોજ મોટી સંખ્યામાં વાહનો પસાર થતા હોવાથી સતત અકસ્માતનું જોખમ રહેતું હતું. રોષે ભરાયેલા સ્થાનિક રિક્ષાચાલકોએ વહીવટી તંત્રનું ધ્યાન દોરવા માટે માર્ગ પર ખોદાયેલા ગટરના ખાડામાં બેસીને અનોખી રીતે પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. આ માર્ગ અત્યંત મહત્ત્વપૂર્ણ હોવાના કારણે વાહનચાલકો અને મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડી રહી હતી. વરસાદી માહોલમાં સ્થિતિ વધુ વણસતા અકસ્માતોની શક્યતા વધી ગઈ હતી. આથી રિક્ષાચાલકો અને સ્થાનિક રહીશોએ ભેગા મળીને તંત્ર સમક્ષ આ રસ્તાનું તાત્કાલિક અને ગુણવત્તાયુક્ત સમારકામ કરવામાં આવે તેવી મજબૂત માંગ કરી હતી. અહીંથી રોજના ધોરણે સેંકડો નાનાં-મોટાં વાહનોની અવરજવર રહે છે. જોકે, રોડ પર પડી ગયેલા વિશાળ ખાડા અને બાજુમાં ગટર માટે કરવામાં આવેલા ખોદકામને કારણે આખી સપાટી ખરાબ થઈ ગઈ છે. વરસાદી ઋતુમાં પાણી ભરાવાના કારણે ખાડાઓ અદૃશ્ય થઈ જતાં અકસ્માતનું જોખમ વધી જાય છે, જેનાથી સ્થાનિક વાહનચાલકો સતત ભયના ઓથાર હેઠળ મુસાફરી કરવા મજબૂર બન્યા છે. તંત્રનું ધ્યાન દોરવા ખાડામાં બેસીને વિરોધ કરાયો હતો. અસહ્ય બનેલી આ સમસ્યાથી કંટાળીને રિક્ષાચાલકોએ ઊંડા ખાડાઓમાં બેસી સૂત્રોચ્ચાર કર્યા હતા. સ્થાનિકો અને ચાલકોએ એકસૂરે માગ કરી છે કે આ માર્ગનું હવે પછી વેઠ ઉતારવાને બદલે ટકાવ અને ગુણવત્તાસભર કામગીરી કરીને તાત્કાલિક સમારકામ પૂરું કરવામાં આવે.

## સંક્ષિપ્ત સમાચાર

### જંબુસરમાં જુગાર રમતા ત્રણ ઝડપાયા



ભરૂચઃ ભરૂચ LCBની ટીમે જંબુસરના અણખી ગામ તળાવની પાળે બાવળની ઝાડીઓમાં ચાલી રહેલા જુગારધામ પર રેડ પાડી હતી. પોલીસે સ્થળ પરથી રાવજી ઠાકોર, નૈમીસ રાજ અને સમીર પટેલને રંગેહાથ ઝડપી લીધા હતા, જ્યારે અન્ય ૨ આરોપી ફરાર થઈ ગયા હતા. પોલીસે રોકડ રકમ અને મોબાઈલ મળી કુલ ૫૧,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી હતી. આ મામલે જંબુસર પોલીસ મથકે ગુનો નોંધ્યો હતો.

### નીલકંઠધામ પોઈચા ખાતે શ્રાવણોત્સવનો પ્રારંભ



રાજપીપળાઃ પોઈચા નીલકંઠધામ ખાતે નર્મદા જિલ્લાના પ્રભારી મંત્રી ઈશ્વરસિંહ પટેલના હસ્તે ૫ દિવસીય 'શ્રાવણોત્સવ' મેળાનો પ્રારંભ થયો છે. ૨૬થી ૩૦ ઓગસ્ટ દરમિયાન યોજાનારા આ મેળામાં મહિલા સ્વસહાય જૂથોનાં ઉત્પાદનો માટે ૧૫ સ્ટોલ ઊભા કરાયા છે. આ પ્રસંગે મંત્રીએ ૫ સખીમંડળને રૂ.૨૯.૫૦ લાખની કેશ ક્રેડિટ લોનના ચેક અર્પણ કરી પ્રવાસીઓને 'વોકલ ફોર લોકલ' અપનાવવા અપીલ કરી હતી.

### ભરૂચમાં જુગાર રમતી મહિલા સહિત 5 ઝડપાયાં



ભરૂચઃ ભરૂચ એ ડિવિઝન પોલીસે બાતમીના આધારે ભડભંજનની ખાડી વિસ્તારમાં દરોડો પાડી જુગાર રમતા ૫ ઇસમને ઝડપી પાડ્યા છે. પકડાયેલા આરોપીઓમાં કિરણ વાઘેલા, જીતેન્દ્ર વસાવા, કરણ ઠાકોર, મનીન્દર સિકલીગર અને રજનીબેન વસાવાનો સમાવેશ થાય છે. પોલીસે સ્થળ પરથી રૂ.૩૧,૪૪૦ની રોકડ રકમ અને રૂ.૧૦,૦૦૦ની કિંમતના ૨ મોબાઈલ મળી કુલ રૂ.૪૧,૪૪૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસે તમામ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### અંકલેશ્વરની વિવિધ સ્કૂલમાં ચૂંટણી યોજાઈ



સુરેશ ગાંધી

અંકલેશ્વરઃ અંકલેશ્વર હ્યુમન એડ ટ્રસ્ટ ફાઉન્ડેશન સંચાલિત અંકલેશ્વર પબ્લિક સ્કૂલ અને અંકલેશ્વર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સ્વામી વિવેકાનંદ સ્કૂલમાં હેડ બોય, હેડ ગર્લ, આસિસ્ટન્ટ હેડ બોય, આસિસ્ટન્ટ હેડ ગર્લ, કેપ્ટન બોય, કેપ્ટન ગર્લ, વાઇસ કેપ્ટન બોય, વાઇસ કેપ્ટન ગર્લ તથા શાળામાં ચાર જુદા જુદા "હાઉસ" ની રચના કરવામાં આવી હતી. ચૂંટણી પ્રક્રિયાની સમજ કેળવાય એ હેતુસર શાળામાં ચૂંટણી યોજવામાં આવી હતી. અંકલેશ્વર પબ્લિક સ્કૂલ ખાતે હાયર સેકન્ડરી અને સેકન્ડરીનાં આચાર્યા કવિતા કાલગુડે અને પ્રિ-પ્રાઇમરી અને પ્રાઇમરીનાં આચાર્યા શ્રદ્ધા પટેલ તથા અન્ય ટ્રસ્ટીગણ, સ્કૂલના શિક્ષકોની ઉપસ્થિતિમાં કાર્યક્રમ સંપન્ન થયો હતો.


### બારડોલીના મોતા ગામમાં ૮ જુગારી ઝડપાયા, એક ફરાર

બારડોલીઃ બારડોલીના મોતાની કાકરાપાર ડાબા કાંઠાની નહેરના ફાટા પાસે રસ્તા પર હારજીતનો જુગાર રમાતો હોવાની બાતમીના આધારે પોલીસે રાત્રે દરોડા પાડ્યા હતા. પોલીસની ટીમે આઠ ઈસમને ઝડપી લીધા હતા. ઝડપાયેલા આરોપીઓમાં રાહુલ રાજુભાઈ પાટીલ (રહે.,બૌધાન, તા.અરેઠ), અક્ષય કાળુભાઈ રાઠોડ (રહે., મિરાપુર, તા.કામરેજ), હર્ષ સતીશભાઈ ટેલર (રહે.,મોતા), જતીન જીતુભાઈ રાઠોડ (રહે., વરાડ), હિરેન ડાહ્યાભાઈ પરમાર (રહે.,અંબાજીનગર, બાબેન), રાકેશ જીતેન્દ્રભાઈ રાઠોડ (રહે., ચીખલી, તા.કામરેજ), શુક્કર નાનુભાઈ રાઠોડ (રહે., અલૂરા, તા.કામરેજ) અને રાહુલ નવીન હળપતિ (રહે., મોતા)નો સમાવેશ થાય છે. પોલીસે દાવ પર લાગેલા રોકડા રૂ.૬,૬૫૦ અને આરોપીઓની અંગજડતીમાંથી મળેલા રૂ.૧૩,૪૦૦ મળી કુલ ૨૦,૧૦૦ રૂપિયા જપ્ત કર્યા હતા. જુગાર રમાડવામાં મુખ્ય ભૂમિકા ભજવનાર અર્જુન ઉર્ફે ભીમો વિનોદભાઈ રાઠોડ ભાગી ગયો હતો.

### પલાસીયામાં ઘરમાં સંતાડેલો દારૂ પકડાયો

વ્યારાઃ ડોલવણના પલાસીયા ગામમાં પોલીસે ઘરમાં સંતાડેલો દારૂ પકડી પાડ્યો હતો. પોલીસે ગત તા.25-8-2026ના રોજ પેટ્રોલિંગ દરમિયાન ખાનગી રાહે બાતમી મેળવી પલાસીયા ગામમાં પટેલ ફળિયામાં આરોપી રણજીત વજેસિંગ ગામીતના ઘરમાં સંતાડી રાખેલો વિદેશી દારૂનો જથ્થો પકડી પાડ્યો હતો. દરમિયાન આરોપી ઘરમાં મળી ન આવતાં પોલીસે રૂ.48,421નો દારૂનો જથ્થો કબજે લઈ આરોપી સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ઝાડેશ્વરથી ગુમ કાનવનો મૃતદેહ નદીમાંથી મળી આવ્યો



ભરૂચઃ ભરૂચ શહેરના ઝાડેશ્વર વિસ્તારમાં આવેલી નિજધામ સોસાયટીમાંથી ગુમ થયેલા 13 વર્ષીય કાનવનો શનિવારે ગોલ્ડન બ્રિજ પાસેથી મૃતદેહ મળી આવતાં આખા વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. ગુમ થયેલો કાનવ શાહ (ઉં.વ.13) મકતમપુર સ્થિત નિજધામ રેસિડેન્સી, મકાન નંબર-44માં રહેતા મ્યુચ્યુલ ફંડ ડિસ્ટ્રિબ્યુટર અને ઇન્સ્યોરન્સ એડ્વાઇઝર ધીરેન ગીરીશચંદ્ર શાહનો પુત્ર હતો. કાનવ સંસ્કાર વિદ્યાભવનમાં ધોરણ-8માં અભ્યાસ કરતો હતો. તા.24 ઓગસ્ટના રોજ સાંજે આશરે 7 વાગ્યે આખો પરિવાર જમવા બેઠો હતો. ત્યારે કાનવે કહ્યું હતું કે, તે ઉપરના રૂમમાં વાંચવા જઈ રહ્યો છે. રાત્રે આશરે 9 વાગ્યે તે નીચે ઊતર્યો અને પિતાને કહ્યું કે તે પોતાની સાઇકલ બહારથી અંદર પાર્કિંગમાં લાવીને લોક કરી આવે. જોકે, રાત્રે 9:45 વાગ્યે જ્યારે તેમની પત્નીએ પૂછ્યું 'કાનવ ક્યાં છે?', ત્યારે તે ઘરે પરત ફર્યો ન હતો. કાનવની સાઇકલ સરદાર બ્રિજ ઝાડેશ્વર છેડા પાસેથી મળી આવી હતી. જેણે પરિવારની ચિંતામાં વધારો કર્યો હતો. બે દિવસની સઘન શોધખોળ બાદ બુધવારે સવારે ગોલ્ડન બ્રિજના સામે કાંઠા તરફ નગરપાલિકાની ટીમને કિશોરનો મૃતદેહ મળી આવ્યો હતો. પુત્રના કરુણ મોતથી પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે.